# સંતોની પરાદૃષ્ટિ

૧ ઑક્ટોબર, ૨૦૧૮

આત્મીય પાઠકો,

પૂર્વીય અમેરિકા અને કેનેડાના ભાગોમાં તમને ઘણીવાર એક એવું વૃક્ષ જોવા મળે છે જેનાં પાંદડાં હૃદય આકારનાં હોય છે, એ પાંદડાં શરદઋતુ શરૂ થતાં લાલ, કેસરી અને સોનેરી રંગનાં થવાં લાગે છે. આ વૃક્ષ પાસેથી પસાર થતી વખતે હું હંમેશાં સ્મિત કરું છું. તેની ડાળીઓ પરથી ટપકતી નાના-નાના હૃદયની ધારાને જોતા લાગે છે જાણે કે રંગોનો ધોધ નવી ઋતુમાં આપણું સ્વાગત કરી રહ્યો છે.

જોકે મને વૃક્ષ પરથી ખરીને અહીં-તહીં પડેલું પાંદડું તેનાથી પણ વધારે મનમોહક લાગે છે. તમે તેને જાણો છો. તે ઘાસમાં ઢંકાઈ જાય છે અથવા તો ખૂબ સાધારણપણે રસ્તા પર પડ્યું હોય છે, તેના પર થોડાં ટપકાં દેખાય છે અને તેની કિનારીઓ અંદરની તરફ થોડી વળેલી હોય છે. તેમ છતાં વસ્તુતઃ તે એ જ રહે છે જે તે હંમેશાંથી હતું — એક હૃદય.

આ સામાન્ય અને સાથે-સાથે અસામાન્ય દેખાનારી ઘટના પરથી આપણે અનેક વાર્તાઓની રચના કરી શકીએ છીએ. તે વાર્તા હોઈ શકે છે કાલાતીત અસ્તિત્વની, એ અસ્તિત્વની જે પ્રાકૃતિક તત્ત્વોના નિયમોનો આદર પણ કરે છે અને તે નિયમોની પરે પણ જાય છે, કોઈપણ વસ્તુનું તે અવિનાશી ચૈતન્ય, જે આ જીવનને સાચો અર્થ પ્રદાન કરે છે. તે કૃપા સંબંધિત વાર્તા પણ હોઈ શકે કે કેવી રીતે એ કૃપા દરેક વસ્તુમાં વ્યાપ્ત છે અને એ સૌથી અનપેક્ષિત પ્રતીત થતાં સ્થાનોમાં પણ જોવા મળી શકે છે.

ઑક્ટોબરનો આ મહિનો, બાબાજીનો મહિનો છે. આ એ સમય છે જ્યારે આપણે બાબાજીની મહાસમાધિની વર્ષગાંઠ મનાવીએ છીએ, જ્યારે તેઓ ભૌતિક દેહનો ત્યાગ કરીને એ મહાન, સર્વવ્યાપક ચિતિમાં પૂર્ણપણે વિલીન થઈ ગયા જે આ બ્રહ્માંડની પ્રત્યેક વનસ્પતિ, પ્રાણી અને જડ પદાર્થમાં સ્પંદિત થઈ રહી છે. બાબાજીએ બીજી ઑક્ટોબર, ૧૯૮૨ની પૂર્ણિમાની રાત્રિએ મહાસમાધિ લીધી હતી. આ વર્ષે, ચંદ્રતિથિ પ્રમાણે બાબાજીની મહાસમાધિ ૨૪ ઑક્ટોબરે છે.

સિદ્ધયોગ પથ પર, વિદ્યાર્થીઓ માટે એ એક પરંપરા બની ગઈ છે કે આ સમયે આપણી આસપાસ જોવા મળતી કૃપાના, બાબાજીની કૃપાના અનેક સ્મૃતિ-સંકેતની નોંધ લે. તેને ‘‘બાબાજીના સંકેતો’’ કહેવાય છે. આ સંકેતોને ગ્રહણ કરીને એની બાબા સાથે જે સુસંગતતા છે તેને જાણી લેવાથી આપણને અનુભૂતિ થાય છે કે બાબાજી આપણી સાથે છે. આપણે જાણીએ છીએ કે તેઓ અહીં જ છે.

અને આપણે આ અનુભૂતિ સાથે કંઈક કરી શકીએ છીએ — સંભવતઃ આ સૌથી મહત્ત્વપૂર્ણ છે. જો આપણે એમ કરીએ, તો જે સંકેતોને આપણે જોઈએ છીએ તેને આપણી સાધના માટે પ્રોત્સાહન તરીકે લઈ શકીએ, શ્રીગુરુની શિખામણોનો અભ્યાસ કરતા રહેવાના સ્મૃતિ-સંકેતો તરીકે માની શકીએ અને એ જાણી લઈએ કે લક્ષ્ય પ્રાપ્તિના આપણા પ્રયત્નોને તેનાથી અકલ્પનીય સહાય મળે છે. તદુપરાંત, જ્યારે આપણે આમ કરીએ છીએ, જ્યારે આપણે આવા પ્રયત્નો કરીએ છીએ, ત્યારે કંઈક આશ્ચર્યકારક ઘટિત થાય છે. આપણો દૃષ્ટિકોણ વિસ્તૃત અને રૂપાંતરિત થાય છે.

શ્રીગુરુમાઈએ ઘણીવાર કહ્યું છે કે બાબાજીને નીલબિંદુ વિશે શીખવવું બહુ જ પ્રિય હતું. નીલબિંદુ એ સાધનાનું પરમ લક્ષ્ય છે, એ તલના દાણા જેટલા નીલ-પ્રકાશનું બિંદુ છે, જેમાં સમગ્ર બ્રહ્માંડ સમાયેલું છે અને તેની સાથેની આપણી એકાત્મતા પણ સમાયેલી છે. ગુરુમાઈજીએ કહ્યું છે કે નીલબિંદુની અનુભૂતિ એ બાબાજીની સૌથી પ્રિય અનુભૂતિ હતી. આપણી જાગરૂકતામાં ધારણ કરવા માટે અને ચિંતન કરવા માટે તે એક સુંદર ચિત્ર છે, ખાસ કરીને, આ વર્ષે જ્યારે શ્રીગુરુમાઈનો સંદેશ છે, 'સત્સંગ' અર્થાત્ સત્યની સંગતિ.

નીલબિંદુનાં દર્શન ધ્યાનમાં, આપણા સ્વપ્નોમાં, આપણી જાગ્રત અવસ્થામાં કરવાં એ જ છે સત્સંગનો અનુભવ. એ જ છે આપણા સાચા આત્માના સંપર્કમાં રહેવું તેમજ આ જ આત્માને આપણી આસપાસની બધી વસ્તુમાં ઓળખવો. એ જ છે બાબાજીની શિખામણ, 'પરસ્પર દેવો ભવ'ના અર્થને સમજવો, માત્ર બૌદ્ધિક સ્તરે નહીં પરંતુ સ્વયંસ્ફૂર્ત બોધ દ્વારા અને અંતઃપ્રજ્ઞા દ્વારા આખા શરીરમાં, રોમરોમમાં તેમજ એ સ્થાનમાં પણ જ્યાં આપણો આત્મા નિવાસ કરે છે.

બાબાજી આ જગતને કેવી રીતે જોતા, તેના વિશેના તેમના વર્ણનને વાંચવું અને સાંભળવું મને હંમેશાથી બહુ પ્રિય છે. બાબાજીએ કહ્યું છે કે જ્યારે તેમની સમક્ષ કોઈ વ્યક્તિ આવતી તો તેઓ એ વ્યક્તિમાં સૌપ્રથમ નીલબિંદુને જ જોતા; દરેક વસ્તુ અને દરેક વ્યક્તિ તે ઝગમગતા નીલ પ્રકાશની બનેલી હતી. આ પરાદૃષ્ટિ વિશે *વિચાર કરવા* માત્રથી મન આદર, શ્રદ્ધા અને વિસ્મયથી ભરાઈ જાય છે. આવી પરાદૃષ્ટિનું અસ્તિત્વ છે અને આ પરાદૃષ્ટિ જ આ જગતની સાચી વાસ્તવિકતા છે, એ હકીકતનો વિચાર માત્ર આપણામાં આશ્ચર્ય, વિસ્મય અને કૃતજ્ઞતા જગાડે છે. એ છે સંતોની દૃષ્ટિ, એ વાસ્તવિકતા, જેમાં રહેવા માટે તેઓ આપણને આમંત્રણ આપે છે.

તેથી, ઑક્ટોબરના આ મહિનામાં જેમજેમ તમે 'સત્સંગ'નો તમારો અભ્યાસ કરતાં રહેશો, તેમતેમ બાબાજીનું અને તેમણે જે શીખવ્યું છે તેનું સ્મરણ કરતા રહો. તેમણે સાધકોમાં જાગ્રત કરેલી પરાદૃષ્ટિ, નીલબિંદુની પરાદૃષ્ટિ પર ચિંતન કરો. થોભતાં રહો, જોડાતાં રહો, તમારી આંખોની પાછળ થતી આતશબાજીને માત્ર જોવા ખાતર જોવાની ઇચ્છાને કારણે તમારા અંતરની ખોજ તીવ્ર નથી થતી, પરંતુ ''હું કોણ છું?'' એ જાણવાની, એ સમજવાની, એ પ્રશ્નનો જવાબ મેળવવાની તમારી સાચી લલકને કારણે એ તીવ્ર થાય છે.

***

*તું કોણ છે? હું કોણ છું? હું ક્યાંથી આવ્યો છું?*[1]

આ પ્રશ્નો આદિ શંકરાચાર્ય દ્વારા 'ચર્પટપંજરિકાસ્તોત્રમ્'માં પૂછવામાં આવ્યા છે. 'ચર્પટપંજરિકાસ્તોત્રમ્' એ સંસ્કૃત ભાષામાં રચિત એક સ્તોત્ર છે, જે વેદાંતના તત્ત્વજ્ઞાન પર આધારિત છે અને સિદ્ધયોગ આશ્રમોમાં તેનું ગાન કરવામાં આવે છે. ગુરુમાઈજીએ આ વર્ષના તેમનાં સંદેશ પ્રવચનમાં આદિ શંકરાચાર્ય વિશે કહ્યું છે; તેઓ ભારતના એક સંત હતા જેમણે સદીઓ પહેલાં લોકોને ભેગા કરીને સત્સંગની શરૂઆત કરી હતી.

આદિ શંકરાચાર્ય દ્વારા પૂછવામાં આવેલા જે પ્રશ્નો આપણે અહીં જોઈ રહ્યાં છીએ, તે પ્રાચીનકાળથી સંતો અને ઋષિમુનિઓએ પૂછ્યા છે. આ પ્રશ્નો સદીઓ પહેલાં સમયોચિત હતા અને આજે પણ પ્રતિધ્વનિત થાય છે કારણ કે આ પ્રશ્નો એવી લલકને સ્પષ્ટતાથી વ્યક્ત કરે છે જે અતિ ગહન છે, અતિ સહજ છે અને માનવ અસ્તિત્વનો આધાર છે. આખા ઇતિહાસમાં સર્વત્ર લોકોએ આ પ્રશ્નોની ખોજ વિભિન્ન રીતે કરી છે, અને તેમની ખોજ અસાધારણ સર્જનશીલતાની અભિવ્યક્તિઓમાં અને અત્યંત ઠોસ કૃત્યોમાં પરિણત થઈ, જે શાંતિ અને સદ્ભાવનાની વૃદ્ધિ કરે છે.

સિદ્ધયોગ પથ પર, આપણે અત્યંત ભાગ્યશાળી છીએ કારણ કે ઉદ્દેશ્ય અને અભિજ્ઞાનની સૌથી મૂળભૂત આ યાત્રામાં શ્રીગુરુની કૃપા અને શિખામણો આપણું માર્ગદર્શન કરે છે. આ અત્યંત સમૃદ્ધ અને ગહન પ્રશ્ન, *હું કોણ છું?* — એ બાબા મુક્તાનંદની મહાસમાધિના સન્માનમાં આયોજિત, આ વર્ષની સિદ્ધયોગ શક્તિપાત ધ્યાન શિબિરનું શીર્ષક છે, જે શ્રીગુરુમાઈ દ્વારા આપવામાં આવ્યું છે.

શક્તિપાત ધ્યાન શિબિરના મહત્ત્વ વિશે જેટલું કહીએ એટલું ઓછું છે. ધ્યાન શિબિર દરમ્યાન શ્રીગુરુ શક્તિપાત દીક્ષા, દિવ્ય દીક્ષા પ્રદાન કરે છે, તે એ જાગૃતિ છે જેનાથી આધ્યાત્મિક પથ પર આપણી સાધનાનો આરંભ થાય છે. બાબાજીએ ૪૪ વર્ષો પહેલાં, સન ૧૯૭૪માં શક્તિપાત ધ્યાન શિબિરની રચના કરી હતી. ત્યારથી, બાબાજી અને ગુરુમાઈજીએ સેંકડો ધ્યાન શિબિરોનું આયોજન કર્યું છે જેમાં અસંખ્ય લોકોને શક્તિપાત દીક્ષા પ્રદાન કરી છે.

આ વર્ષે વિશ્વભરમાં શક્તિપાત ધ્યાન શિબિરનું આયોજન શનિવાર, ૨૭ ઑક્ટોબર અથવા રવિવાર, ૨૮ ઑક્ટોબરે થશે. વધુ જાણકારી મેળવવા માટે તેમજ સ્વામી શાંતાનંદ સાથેની પ્રશ્નોત્તરી વાંચવા માટે હું તમને સિદ્ધયોગ પથની વેબસાઇટની મુલાકાત લેવા માટે આમંત્રિત કરું છું.

શક્તિપાત ધ્યાન શિબિરમાં ભાગ લેવા ઉપરાંત, તમે સિદ્ધયોગ પથની વેબસાઇટના માધ્યમથી બાબાજીના મહિનાનો ઉત્સવ મનાવી શકો છો. ઑક્ટોબરના ત્રીજા અઠવાડિયાથી જ્યારે ચંદ્રમા તેની પૂર્ણતા તરફ વધતો જશે, ત્યારે વેબસાઇટ પર બાબાજીના ચંદ્રમાની વાર્ષિક ફોટો ગૅલેરીની શરૂઆત કરવામાં આવશે; તમે આ ગૅલેરીમાં ચંદ્રમાના તમે લીધેલા ફોટાને મોકલી શકો છો. એક વિડીયો પણ આવશે જેમાં બાબાજી ધ્યાન શિબિર વિશે કહી રહ્યા છે, બાબાજીની શિખામણો, તેમના ફોટાઓની દર્શન ગૅલેરી અને ઇન્દ્રિયોને અંતર્મુખી કરવા વિશે એક વ્યાખ્યા પણ આપવામાં આવશે.

ઑક્ટોબર મહિનામાં નવરાત્રિ પણ આવે છે. આ નવ રાત્રિઓ દરમ્યાન દેવીની, મહાકુંડલિની શક્તિની આરાધના કરવામાં આવે છે અને તેમના સન્માનમાં ઉત્સવ મનાવવામાં આવે છે, જેમની શક્તિને શક્તિપાત દીક્ષા દ્વારા આપણી અંદર જાગ્રત કરવામાં આવી છે. દેવીના અનેક રૂપોમાંથી કેટલાંક સ્વરૂપની પૂજા-આરાધના કરવામાં આપણને મદદ મળે એટલા માટે શિખામણો, સ્તોત્રો અને નામસંકીર્તન આપવામાં આવશે. આ વર્ષે, નવરાત્રિ ૯ થી ૧૭ ઑક્ટોબરે છે.

તેથી એકંદરે આ એક વિશેષ સમય છે. પવિત્ર સમય છે. એક એવો સમય જ્યારે કૃપા તેની રહસ્યમય અને મંત્રમુગ્ધ કરનારી શક્તિ સાથે સાચું રૂપાંતરણ લાવવા માટે તત્પર છે, એવું લાગે છે કે તે અંતરમાં ઉપસ્થિત છે અને ત્યારે આપણી પોતાની જવાબદારી એ છે કે આપણે કૃપાને પ્રગટ થવા દઈએ, આપણા પોતાના ભલા માટે અને કદાચ આપણા સંસારના ભલા માટે. ઓક્ટોબર તરફ વધી રહેલા આ સમયમાં, આ વાતનો — કૃપા અને પ્રયત્ન તેમજ તેના સંયુક્ત પ્રભાવનો — એક મધુર સંકેત અમને શ્રી મુક્તાનંદ આશ્રમમાં જોવા મળ્યો. ગ્રીષ્મઋતુ અમને અલવિદા કહી રહી હતી; વૃક્ષો રંગ બદલવાં લાગ્યાં હતાં. અને તેમ છતાં, આશ્રમના બગીચા અને મેદાનમાં બધે જ સૂરજમુખીનાં ફૂલ ખીલી રહ્યાં હતાં! ઠંડી હવા આવવાની શરૂઆત થાય તે પહેલાં, બસ થોડાં સમય માટે તે ઊગી નીકળતા અને મોટાભાગે આશ્રમના બગીચામાં જ્યાં બીજા સૌથી વધારે સૂરજમુખી રોપવામાં આવ્યા હતા તેનાથી દૂર ઊગી નીકળતા. એવું લાગતું હતું જાણે કે સૂર્ય દેવતા લટાર મારી રહ્યા હતા અને અમે તેમને જોવાનું ચૂકી ગયાં હતાં, અને જ્યાં-જ્યાં તેમના ચરણકમળ પડ્યા હતા ત્યાં ફૂલોએ ચમકતી પગદંડી બનાવી દીધી હતી.

થોડા સમય પછી મને જાણવા મળ્યું કે આશ્રમની ભૂમિ પર આ અચાનક ઊગી નીકળેલા સૂરજમુખીના છોડને ખિસકોલીઓએ રોપ્યા હતા. હા — ખિસકોલીઓ. તેણે સૂરજમુખીના છોડના ક્યારામાંથી અને પક્ષીઓને દાણા ખાવા માટે બગીચામાં મૂકેલાં પાત્રોમાંથી બીજ ભેગાં કર્યાં હતાં. અને પછી કર્તવ્યનિષ્ઠ, નવા ગાર્ડન-સેવાકર્તાઓની જેમ, તેણે એ બીજને ફેલાવી દીધાં અને જમીનના બધા ભાગને પ્રકાશ અને હૂંફ આપી — અને ત્યાંથી પસાર થતાં લોકોને પણ.

આદર સહિત,

ઈશા સરદેસાઈ

---

[૧] ચર્પટપંજરિકાસ્તોત્રમ્, શ્લોક ૧૨, સ્વાધ્યાય સુધામાંથી (ચિત્શક્તિ પબ્લિકેશન્સ, ૨૦૧૬), પૃષ્ઠ ૨૦૪.

© ૨૦૧૮ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.